# રાજ્યમાં કોરોનાના નવા ૧૫૦૨ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૨૦ લોકોનાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૭૮૨૫૬૧૫ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૯૦૮૨૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૩૦ સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર વધતો જ જઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫૦૨ નવા કેસ નોંધાયા છે તો ૨૪ કલાકમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૦ મોત પણ નોંધાયા છે. આ સાથે જ ૨૪ કલાકમાં ૧૪૦૧ દર્દીઓ સ્વસ્થ થતાં હવે રાજ્યમાં રિકવરી રેટ પણ ૯૦.૯૬ થયો છે તો કોરોના મહામારીમાં કુલ ૧૯૦૮૨૧ દર્દીઓ કોરોના સંક્રમણથી સ્વસ્થ થયાં છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૬૫૮૭૬ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૭૮,૨૫,૬૧૫ થયો છે. રાજ્યમાં ૧૫૦૨ નવા દર્દીઓ સામે ૧૪૦૧ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૯૦,૮૨૧ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૦૧૩.૪૮ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૨૨,૧૯૮ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૨૨,૦૧૫ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૮૩ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૪૯૭૦ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮૩ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૪૮૮૭ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે રાજ્યમાં ૨૪ કલાકમાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૦ મોત નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૩ મોત જ્યારે રાજકોટ કોર્પોરેશન અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧, મહેસાણા અને મોરબીમાં ૧-૧, ગાંધીનગરમાં ૧ અને સુરત કોર્પોરેશનમાં ૨ મોત નીપજ્યાં છે. જેથી કુલ મૃત્યુઆંક ૩૯૮૯ થયો છે.




પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલજીની સૂચનાથી સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠનની ટીમ જાહેર કરેલ છે. ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જીલ્લાનાં નવનિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવવા જીલ્લા કાર્યાલય પર ભારતીય જનતા પક્ષ હિંમતનગર શહેર પ્રમુખ હર્ષદભાઈ મીસ્ત્રી, મહામંત્રી જયેશભાઈ પટેલ (કવી), મહામંત્રી કિરીટભાઈ શાહ તેમજ ભાજપા શહેરના સૌ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# કોરોનાની બીજી લહેરમાં એક હજાર બેંકકર્મી સંક્રમિત થયા

## પથી ૭ હજાર કર્મચારીઓ કોરોના સંક્રમિત : કર્મચારીઓને કોરોના વાયરસ સામે રક્ષણ પૂરું પાડવા અને કર્મચારીઓને કોરોના વોરિયર્સ જાહેર કરવા માગ ઉઠી છે

રાજ્યભરમાં કોરોના વાયરસનો બીજો તબક્કો શરૂ થઈ ચૂક્યો છે જેની સીધી અસર બેંક કર્મચારીઓ પર પણ જોવા મળી રહી છે. કોરોનાના બીજા રાઉન્ડમાં અંદાજે ૧ હજાર કર્મચારીઓ સંક્રમિત થયા હોવાનો ઘટસ્ફોટ મહાગુજરાત બેંક એમ્પ્લોયી યુનિયને કર્યો છે અને લૉકડાઉનથી અત્યાર સુધીમાં પથી ૭ હજાર કર્મચારીઓ કોરોનાના સંક્રમણનો ભોગ બની ચુક્યા છે. તેવામાં બેંક કર્મચારીઓને કોરોના સામે રક્ષણ પૂરું પાડવા અને કર્મચારીઓને પણ કોરોના વોરિયર્સ જાહેર કરવા માંગ ઉઠી છે. દિવાળીના વેકેશન બાદ ગુજરાતમાં કોરોના વાયરસની બીજી લહેર જોવા મળી રહી છે અને વધતા કેસોની સંખ્યાને લઈ રાજ્ય સરકારની ચિંતા પણ વધી છે. તેવામાં કોરોનાના આ બીજા રાઉન્ડમાં હવે રાજ્યની બેંકો પણ કોરોના હોટસ્પોટ બની રહી છે. સરકારી અને ખાનગી બેંકોમાં કોરોનાના કેસ વધ્યા છે. આ બીજા તબક્કામાં અંદાજે ૧ હજાર કર્મચારીઓ સંક્રમણના ભોગ બન્યા છે. કર્મચારીઓને પડી રહેલી આ મુશ્કેલીઓ મામલે મહાગુજરાત બેંક એમ્પ્લોયી યુનિયન આગળ આવ્યું છે. મહાગુજરાત બેંક એમ્પ્લોયી યુનિયનના મહામંત્રી જનક રાવલે જણાવ્યું કે, અમદાવાદ અને ગુજરાતમાં બેંકોની શાખાઓ કોરોના હોટસ્પોટ બની રહી છે. રાજ્યભરમાં સરકારી અને ખાનગી મળી કુલ ૧૫ હજાર શાખાઓ છે. રોજે રોજ અલગ અલગ બેંકના સમાચાર સામે આવી રહ્યા છે. જ્યાં બેંક કર્મચારીઓ પોઝિટિવ હોય છે. હાલમાં બીજા રાઉન્ડમાં ૧ હજાર કર્મચારીઓ કોરોના પોઝિટિવ છે અને જ્યારથી લોકડાઉન જાહેર થયું ત્યારથી અત્યાર સુધી એટલે કે, છેલ્લા ૮ મહિનામાં પથી ૭ હજાર બેંક કર્મચારીઓ કોરોના પોઝિટિવ થયા છે. અત્યાર સુધીમાં ૧૦થી ૧૨ કર્મચારીઓ મોતને પણ ભેટ્યા છે. મહાગુજરાત બેંક એમ્પ્લોયી યુનિયનની માંગ છે કે, બેંક કર્મચારીઓને કોરોના સામે પ્રોટેકશન પૂરું પાડવામાં આવે અને તેમને પણ કોરોના વૉરિયર જાહેર કરવામાં આવે. બેંકોમાં કોરોના સંક્રમણ ફેલાવા અંગે તેઓ જણાવે છે કે, બેંકોમાં કેશની લેવડ દેવડ અને ગ્રાહકોની ઈક્વાયરી વધારે હોય છે. જેના કારણે બેંક ગ્રાહકોમાં સોશિયલ ડિટન્સ જળવાતું નથી. બેંકમાં લાંબા સમય સુધી કેશ અવર લેવડ દેવડ ઘટાડવામાં આવે અને મોટા ભાગની પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવે તો ચોક્કસ પણે કોરોના સંક્રમણ ઘટાડી શકાય.

# આમંત્રણ મળવા છતાં લોકો લગ્ન પ્રસંગોમાં જતા ડરે છે

## કોરોના સંક્રમણનો લગ્નો પર જોરદાર કહેર : તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે ૫૪ ટકા ગુજરાતીઓને લગ્નમાં જતા બિક લાગે છે

અમદાવાદ, તા. ૩૦

કોરોના વાયરસ મહામારીનું બીજું મોજું ગુજરાત અને દેશના ઘણા ભાગોમાં પોતાનો પ્રકોપ દાખવી રહ્યું છે. જેના કારણે રાજ્ય સરકારોને સામાજિક મેળાવડા અને લગ્નો માટે કોરોના ગાઈડલાન્સમાં કેટલાક ફેરફાર કરવાની અને તેને વધુ આકરી શરતો સાથે લાગુ કરવાની ફરજ પડી. ગુજરાત સરકારે તાજેતરમાં જ લગ્નમાં હાજરી આપવા માટે લોકોની સંખ્યાની મર્યાદામાં ઘટાડો કર્યો હતો, જેને ૨૦૦થી ઘટાડીને ૧૦૦ વ્યક્તિઓ કરી દેવામાં આવી છે. જોકે તાજેતરમાં કરવામાં આવેલ એક સર્વે અનુસાર લોકો પણ હાલ લગ્નમાં જવાથી અચકાય છે અને માને છે કે તેમાં જવું વધુ જોખમ ભરેલું છે. ઓનલાઈન કોમ્યુનિટી લોકલ સર્કલ દ્વારા કરાયેલા એક સર્વે અનુસાર ૫૪% ગુજરાતીઓને લાગે છે કે લગ્નમાં ભાગ લેવો સામે ચાલીને કોરોનાને આમંત્રણ આપવા જેવું છે.

આ સર્વેમાં સમગ્ર રાજ્યમાંથી જુદા જુદા વિસ્તારોમાંથી ૭૫૦ લોકોએ ભાગ લીધો હતો. જેમને પૂછવામાં આવેલા પ્રશ્નો અને તેમના જવાબો અહીં આપવામાં આવ્યા છે. આ વર્ષે નવેમ્બર ડિસેમ્બર મહિનામાં સગાઈ અને લગ્નમાં જવાનો તમારો શું પ્લાન છે? એ અંગે ૪૮% લોકોએ કહ્યું કે તેમની પાસે આ વર્ષે નવેમ્બર ડિસેમ્બરમાં આવા કોઈ પ્રંસગ માટેનું આમંત્રણ જ નથી. જ્યારે ૨૬% એવા લોકો પણ છે જેમના પરિવાર કે સંબંધીના ઘરે પ્રસંગ તો છે અને તેમને આમંત્રણ પણ મળ્યું છે પરંતુ તેમણે કોરોના મહામારીને ધ્યાને લઈને આ સમારંભમાં ભાગ લેવાનું ટાળી દીધું છે. હા, ૧૦% એવા પણ લોકો છે જેમણે કહ્યું કે હજુ સુદી તો લગ્નમાં ગયા નથી પરંતુ આગામી દિવસોમાં તેઓ કોઈક લગ્ન કે સગાઈ જેવા પારિવારિક પ્રસંગમાં જઈ શકે છે. તો ૮%એ લોકો એવા છે જેમણે કહ્યું કે તેમણે લગ્ન અને સગાઈ જેવા પારિવારિક સમારંભ એટેન્ડ કર્યા છે અને હજુ પણ આગામી સમયમાં તેઓ આવા કાર્યક્રમમાં જવા માટે તૈયારી કરી રહ્યા છે. જ્યારે ૬% એવા લોકોએ તેમણે કહ્યું કે બસ અમે હાલ જ આવા એક પ્રસંગમાં જઈને આવ્યા અને હવે બીજે ક્યાંય જવા માગતા નથી. જ્યારે ૨% એ કહ્યું કે હાલ આ મામલે તેઓ કંઈ કહી શકે નહીં. આ સર્વેમાં ભાગ લેનારા લોકોને બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, કોરોના સંક્રણના ભયને લઈને આગામી ૩-૪ સપ્તાહમાં આવતા લગ્ન અને પારિવારિક સમારંભમાં જોડાવા અંગે તમારો શું મત છે? આ સવાલના જવાબમાં ૫૪% લોકોએ કહ્યું હતું કે આવા પ્રસંગમાં જવું એટલે ખૂબ જ મોટું રિસ્ક છે અને અમે જો જઈશું તો તમામ પ્રકારની તકેદારી રાખીશું. જ્યારે ૧૪% લોકોનું કહેવું હતું કે પ્રસંગ તેમના ખૂબ જ નજીકના પરિવારમાં છે અને તેમને તમામ લોકોની મેડિકલ હિસ્ટ્રીની જાણ હોવાથી ભય વધુ નથી પરંતુ તેમ છતા અમે તમામ પ્રકારની તકેદારી રાખીશું. જ્યારે ૧૪ ટકાએ કહ્યું કે આવા લગ્નમાં ખૂબ જ નજીકના લોકો જ હાજરી આપતા હોવાથી કોરોનાનો ભય સાવ નજીવો છે અને તેથી ચિંતા કરવાનું કોઈ કારણ નથી. જ્યારે ૯% એવા લોકો પણ છે જેમણે કહ્યું કે આવા લગ્ન પ્રસંગમાં ભાગ લેવામાં કોઈ ભય જેવું છે જ નહીં. તો ૫% લોકોનું કહેવું છે કે આ અંગે કંઈ કહી શકાય નહીં. જ્યારે અનુક્રમે ૩% અને ૧% લોકોનું માનવું છે કે ચિંતાનું કારણ તો છે પરંતુ તે ખૂબ જ ઓછું છે જોકે તેમ છતા કેટલીક તકેદારી રાખવા માટે તેઓ તૈયાર છે.

### કોરોના કાળમાં લગ્ન માટે દમણ સુરતીઓની પહેલી પસંદ

કહેવાય છે કે, લગ્નો સ્વર્ગમાં નક્કી થાય છે. કદાચ એટલે જ ધરતી પર હાલ ચાલી રહેલી મહામારી પણ લગ્ન પ્રસંગો રોકી નથી શકી. ઓછાવત્તા અંશે સુરતી વર-વધૂને તો નથી જ રોકી શકતી. કોરોનાના વધતા જઈ રહેલા કેસો અને ગુજરાત સરકાર દ્વારા લાદવામાં આવેલા નાઈટ કર્ફ્યૂના કારણે મોટા લગ્ન સમારંભોનું આયોજન ડાયમંડ સિટી સુરતમાં પડકારજનક બન્યું છે. એવામાં સુરતીઓ પ્રભુતામાં પગલાં પાડવા માટે કેંદ્રશાસિત પ્રદેશ દમણ તરફ જઈ રહ્યા છે. મારી હંમેશાથી ઈચ્છા હતી મારા લગ્ન ખૂબ ધામધૂમથી થાય. પરંતુ આ સુરતમાં શક્ય નથી, તેમ એન્જિનિયર અને ટેક્સટાઈલ બિઝનેસનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩૪ વર્ષીય રાજેશે (નામ બદલ્યું છે) જણાવ્યું. તેઓ ૩૦ નવેમ્બરના રોજ દમણના એક બીચ રિસોર્ટમાં લગ્ન કરવાના છે. કોરોના કાળમાં દમણના હોટલ અને રિસોર્ટ માલિકોને ખૂબ નુકસાન થયું છે ત્યારે લગ્નની સીઝન તેમના માટે આશાનું કિરણ બનીને આવી છે. દમણ હોટલ્સ એન્ડ રેસ્ટોરાં અસોસિએશનના સેક્રેટરી હર્ષ થાંગલે જણાવ્યું, દમણમાં રોજના સરેરાશ ૧૫ લગ્નો થઈ રહ્યા છે. જેમાંથી મોટાભાગના બુકિંગ ગુજરાત સરકારે કોરોના સંક્રમણને ફેલાતું રોકવા માટે સુરતમાં નાઈટ કર્ફ્યૂ જાહેર કર્યા પછીના છે. આ મેરેજ સીઝન અમારા માટે શુકનિયાળ સાબિત થઈ રહી છે. દમણ હોટલ્સ એન્ડ રેસ્ટોરાં અસોસિએશનનું માનવું છે કે, આ ટ્રેન્ડ ૧૫ ડિસેમ્બર સુધી રહેશે. દમણમાં નાઈટ કર્ફ્યૂ નથી ત્યારે મહેમાનો મોડી રાત સુધી એન્જોય કરી શકે છે. દમણમાં બમણો લાભ થાય છે.

### ભ્રમિત કરી રહ્યા છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લગાવતા કહ્યું કે દશકો સુધી ખેડૂતો સાથે છેતરપિંડી થઈ અને હવે આવું કરનારાઓ જ દેશના અન્નદાતાઓમાં ભ્રમ ફેલાવી રહ્યા છે. પીએમે પોતાના ભાષણમાં ખેડૂતોના દરેક પ્રશ્નનો જવાબ

આપવાનો પ્રયત્ન કર્યો. પીએમ મોદીએ કહ્યું કે, ''કૃષિ કાયદા પર ખેડૂતોમાં ભ્રમ ફેલાવવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે જેમણે ખેડૂતો સાથે છેતરપિંડી કરી તેઓ જ હવે ખેડૂતોમાં ભ્રમ ફેલાવી રહ્યા છે. નવા કાયદા ખેડૂતોને વિકલ્પ આપનારા છે. પીએમ મોદીએ કહ્યું કે, અમારી સરકાર તો મંડીઓને વધારે આધુનિક બનાવવા માટે કરોડો રૂપિયા ખર્ચ કરી રહી છે. એમએસપી પર ખેડૂતોનું ઉત્પાદન વેચવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે, તમારે યાદ રાખવાનું છે કે આ જ લોકો છે જે પીએમ કિસાન સન્માન નિધિને લઈને પ્રશ્નો ઊઠાવતા હતા.

આ લોકો અફવા ફેલાવતા હતા. એક રાજ્યએ કિસાન સન્માન યોજનાને પોતાના રાજ્યમાં લાગૂ જ ના કરવા દીધી. કેટલાક લોકોએ તો પોતાની રાજનીતિ બચાવવા માટે આવું કર્યું. પીએમ મોદીએ કહ્યું કે, જો કોઈ જૂની સિસ્ટમથી લેવડ-દેવડને યોગ્ય સમજે છે તો આ કાયદામાં કોઈ પ્રતિબંધ લગાવવામાં નથી આવ્યો. નવા કૃષિ સુધારાઓમાં નવા વિકલ્પ અને નવા કાયદા અને સંરક્ષણ આપવામાં આવ્યું છે.'' તેમણે કહ્યું કે, ''છેલ્લા કેટલાક સમયથી એક અલગ જ ટ્રેન્ડ દેશમાં ચાલી રહ્યો છે. પહેલા જો સરકારનો કોઈ નિર્ણય પસંદ નહોતો આવતો તો વિરોધ થતો હતો. પરંતુ હવે વિરોધનો આધાર નિર્ણય નહીં, પરંતુ ભ્રમ ફેલાવવામાં આવે છે.

આ એજ લોકો છે જેમણે દશકો સુધી ખેડૂતો સાથે દગો કર્યો હતો. પહેલા એમએસપી તો હતી, પરંતુ તેના પર ખરીદી નહોતી થતી. વર્ષો સુધી એમપીએસને લઈને દગો કરવામાં આવ્યો. પીએમ મોદીએ કહ્યું કે, પહેલાની સરકારોએ દગો કર્યો. યોજનાઓના નામે દગો, ખેડૂતોના નામે દગો, ઉત્પાદન પર દગો. ખાતર ખેતરથી વધારે કાળાબજારીઓની પાસે પહોંચતુ હતુ. પહેલા વોટ માટે વાયદો અને પછી દગો. આ લાંબા સમયથી ચાલતુ રહ્યું છે. જ્યારે ઈતિહાસ દગાઓનો રહ્યો હોય, ત્યારે બે વાતો સ્વાભાવિક છે. પહેલી એ કે ખેડૂતો જો સરકારની વાતો પર શંકા કરે છે તો તેની પાછળ દશકો સુધીનો લાંબો દગાનો ઈતિહાસ છે. જેમણે વાયદા તોડ્યા, દગો કર્યો તેમના માટે આ જૂઠ ફેલાવવું એક રીતે આદત અને મજબૂરી બની ગઈ છે, કેમકે તેમણે આવું જ કર્યું હતુ. આ કારણે એ જ ફૉર્મ્યૂલા લગાવીને તેઓ જોઈ રહ્યા છે.

### વેક્સિનનું લક્ષ્ય

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાસેથી જે જાણકારી મળી રહી છે તે મુજબ ૨૦૨૧ના પહેલા બેથી ત્રણ મહિનાની અંદર દેશના લોકો માટે વેક્સીન ઉપલબ્ધ થઈ જશે. અમારી અત્યાર સુધીની યોજના મુજબ જુલાઈ સુધી અમે લગભગ દેશના ૩૦ કરોડ લોકોને વેક્સીન આપી દઈશું. સૌથી પહેલા હેલ્થવર્કર સરકારી અને પ્રાઈવેટ સેક્ટરના, ત્યારબાદ ફીલ્ડમાં કામ કરનારા પોલીસકર્મી, કોર્પોરેશનના કર્મચારી, સેનિટેશનના લોકો, પેરામિલિટ્રી ફોર્સિસ, આર્મીના જવાન સામેલ હશે.



### પ્રામાણિક રીક્ષાચાલકનું સન્માન કરતી સાબરકાંઠા પોલીસ

રીક્ષાચાલક જગદીશ કિશોરભાઈ ટોકરે દ્વારા એક મુસાફરના ભુલાઈ ગયેલ સામાન અને રોકડ રકમનનું પર્સ તાત્કાલિક ઈડર પોલીસ સ્ટેશને જમા કરાવી, આ સામાન મૂળ માલિકને પહોંચતો કરવાની સરાહનીય કામગીરી કરેલ છે. આવી પ્રામાણિકતાને બિરદાવવા અને સમાજના અન્ય લોકો માટે પણ ઉદાહરણરૂપ થાય તે હેતુથી પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલીક દ્વારા જગદીશભાઈને પ્રોત્સાહનરૂપ ભેટ આપી એમની પ્રામાણિકતાને બિરદાવવામાં આવી અને ભવિષ્યમાં પણ આવી પ્રામાણિકતા દર્શાવે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

### બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ દેવદિવાળી સુધી જારી રહ્યો છે. ત્યારે સોમવારે કોરોનાના વધુ ૧૩ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૩૮૫ એ પહોંચી છે. સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં કાંકરેજ ૦૧, દિયોદર ૦૨, થરાદમાં તથા બનાસ મેડિકલમાં ૦૮, ગાંધી-લિંકનમાં ૦૧ મળી કુલ ૧૩ કેસ નોંધાયા હતા.

# બનાસકાંઠામાં જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરનાર ૫૫ થી વધુ વ્યક્તિઓ સામે કાર્યવાહી

કોરોના વાયરસની મહામારીના પગલે વાયરસનો વધુ ફેલાવો ન થાય તે માટે જિલ્લા કલેક્ટર દ્વારા જાહેર નામુ બહાર પાડવામાં આવ્યું છે.જેનો ભંગ કરનાર ૫૫ વ્યક્તિઓ સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

બનાસકાંઠા જિલ્લામાં દિવાળીના તહેવાર બાદ કોરોના વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે.જેના પગલે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દ્વારા સરકારની કોરોના વાયરસની ગાઈડ લાઈન અનુસાર જાહેર નામુ બહાર પડવામાં આવ્યુ છે.જેમા ઘરની બહાર નિકળતી વખતે માસ્ક ફરજિયાત પહેરવુ,સોશીયલ ડીસ્ટન્સની જાળવણી કરવી સહીતના મુદ્દાઓને લઈ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે.જેનો ભંગ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી છે.જેના પગલે બનાસકાંઠા પોલીસે જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિઓ સામે લાલ આંખ કરવામાં આવી છે.અને જિલ્લામાં આવેલ પાલનપુર, ડીસા, અમીરગઢ, વડગામ,દાંતા સહીતના શહેરોમાં પોલીસ દ્વારા જાહેરનામાનો ભંગ કરનાર ૫૫ વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેના પગલે જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

### ૫૭ ડિસ્ચાર્જ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ૨૦૦ થી વધુ ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાના કેસો છુટા છવાયા નોંધાયા છે. ગાંધીનગર તાલુકામાં આજે ભાટ અને સરગાસણ ગામે ૩-૩ કેસ, ચંદ્રાલા, કુડાસણ અને રાંદેસણમાં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત વાવોલ, કોલવડા, રાયસણ, પેથાપુર, ગોલવંટા ગામે પણ કેસો નોંધાયા છે. દહેગામ તાલુકામાં સાત કેસ નોંધાયા છે. જેમાં એક કેસ અર્બન વિસ્તારમાંથી તો છ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. તાલુકાના ગલાજીની મુવાડી, પીંપલજ, પાલુન્દ્રા, પાટનાકુવા ગામ ઉપરાંત નવાનગર ગામેથી ૨ કેસ મળી આવ્યા છે. માણસા અર્બનમાંથી ૭૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલમાંથી પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં નાંદોલી ગામેથી ૨, જાસપુર ગામેથી એક તેમજ કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી એક અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે. જિલ્લામાં આજે વધુ ૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા દર્દીઓમાંથી ૨૮૮૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૨૧૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૮૦૦૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે ૨૪ દર્દીઓ નોંધાયા છે. શહેરમાં કેસોની સંખ્યા ઘટી રહી હોવાનું જણાઈ રહ્યું છે.

શહેરમાં આજે સે. ૨૭ માંથી અને સે. ૨૨ માંથી ૩-૩ કેસ મળી આવ્યા છે. જ્યારે સે. ૨૧, સે. ૪, સે. ૬, સે. ૭ અને સે. ૨૪ તેમજ સે. ૨ માંથી ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૨૯, સે. ૨૦, સે. ૧, સે. ૩, સે. ૩-એ-ન્યુ, સે. ૮ માંથી પણ કેસો મળી આવ્યા છે.

આજે શહેરમાંથી એક દર્દીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં આજે ૫૭ દર્દીઓ રિકવર થતા તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. દિપાવલી પર્વ પછી આજે સતત બીજે દિવસે સંક્રમિતો કરતાં ડિસ્ચાર્જ થનાર દર્દીઓની સંખ્યા વધારે છે. ગ્રામીણ વિસ્તારમાં ૩૨ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે જ્યારે ગાંધીનગર શહેરમાં ૨૫ દર્દી ડિસ્ચાર્જ થયા છે.

શહેરમાં ૨૨૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૩૦૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૭ હજાર જેટલા લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

### સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અવલોકનો બાદ પણ કંઈ કરતાં કંઈ ફરક પડતો નથી. આજે પણ અહેવાલો તો એવા જ છે કે સરકારી અને ખાનગી હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઈ રહી છે. અમદાવાદ હોય કે ગાંધીનગર, સરકારી હોય કે ખાનગી હોસ્પિટલ કોવિડ વોર્ડમાં બેડ મેળવવા લાગવગ લગાવવી પડે છે. સામાન્ય નાગરીકની મુંઝવણ વધતી જાય છે. ક્યાંયથી સંતોષકારક માર્ગદર્શન કે ઉપાય ન મળતાં સંક્રમિત વ્યક્તિ વધુ પીડા અનુભવે છે. હવે જ્યારે રસી ટુંક સમયમાં આવી રહી છે ત્યારે કોરોનાગ્રસ્ત દર્દીઓને સાર-સંભાળમાં આરોગ્યતંત્ર નિષ્ઠાની અનુભૂતિ કરાવે તેવી અપેક્ષા અસ્થાને નથી..!

SABAR DAIRY
સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
સાબર ડેરી, સબ પોષ્ટ : બોરીયા, હિંમતનગર-૩૮૩૦૦૬
સાબરડેરીના આધુનિક પ્લાન્ટમાં પેક થયેલ પેશ્ચ્યુરાઈઝડ (જંતુ રહિત) દૂધ અને છાશ વાપરવાનો હંમેશા આગ્રહ રાખો
● સાબરડેરીના મુખ્ય ઉત્પાદનો ●
અમૂલ દૂધ : અમૂલ ગોલ્ડ (૬% ફેટ), અમૂલ શક્તિ (૪.૫% ફેટ), અમૂલ તાઝા (૩% ફેટ)
અમૂલ છાશ - ગુણકારી તત્વોથી ભરપૂર
અમૂલ ટેટ્રા પેક (તાઝા અને ગોલ્ડ) : યુ.એચ.ટી. મિલ્ક ફ્રીઝમાં રાખ્યા સિવાય પણ ઉપયોગમાં લઈ શકાય.
● અમૂલ ઘી ● અમૂલ બટર ● અમૂલ પનીર ● અમૂલ કુલ
● અમૂલ છાશ ● અમૂલ મસ્તી દહીં ● અમૂલ શ્રીખંડ ● અમૂલ માવો
● અમૂલ સ્કીમ મિલ્ક પાવડર ● અમૂલ સ્પ્રે (ઈન્ફન્ટ મીલ્ક ફુડ)
● અમૂલ હોલ મિલ્ક પાવડર ● અમૂલ્યા પાવડર (ટી વ્હાઈટનર)
સંપર્ક : ૨૭૭૨-૨૨૬૦૫૯ (ડાયરેક્ટ) ● localmktg@sabardairy.coop
વેચાણ વ્યવસ્થા
ગુજરાત કો-ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરશન લિ., અમૂલ ડેરી રોડ, આણંદ ૩૮૮૦૦૧
જયંતિભાઈ બી. પટેલ
વાઈસ ચેરમેન
શામળભાઈ બી. પટેલ
ચેરમેન
ડો. બાબુભાઈ એમ. પટેલ - મેનેજીંગ ડીરેક્ટર
સાબરડેરી ફોન : ૦૨૭૭૨ - ૨૨૬૦૫૧ થી ૬૦,
સાબરદાણ : ૨૨૬૦૬૧, e-mail : amul@sabardairy.coop